મુદ્રિકાદ્વય.

ભાષાન્તર-કર્તા.

માણેકલાલ કાલિદાસ ભટ્ટ.

શુદ્ધિપત્ર.

પ્રસ્તાવના;—

લીટી	અશુદ્ધ	શુદ્ધ
૫	'બંકીમચંદ્ર'ની	બંકીમચંદ્રની
૧૬	એટલે	કેટલે
૧૯	નાની ને	નાનીને
૨૦	એવામા	એવામાં
૨૧	આપવામાં	વાંચવામાં
૨૧	આવ્યું. પછી ';' જોઈએ	

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય

[ગુજરાતી કૉપીરાઇટ વિભાગ]

અનુક્રમાંક ૬૩૪૧ વર્ગાંક

પુસ્તકનું નામ [illegible]

વિષય

મુદ્રિકાદ્વય.

(બાબુ બંકીમચંદ્રની 'યુગલાંગુરીય' નામે 'ટૂંકી વાર્તા'નું ભાષાન્તર).

ભાષાન્તર-કર્તા,

માણેકલાલ કાલિદાસ ભટ્ટ.

પ્રે. રા. ટ્રે. કૉલેજ—અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

સોમચંદ ભગવાનદાસ શાહ અને કંપનિ.

બુકસેલર્સ, પબ્લિશર્સ, અને કમિશન એજન્ટ્સ.

પાનકોરને નાકે—અમદાવાદ.

(સર્વ હક ભાષાન્તર-કર્તાને સ્વાધીન.)

આવૃત્તિ ૧લી. પ્રત ૧૦૦૦.

સંવત્ ૧૯૭૨. સને ૧૯૧૬.

શ્રી "સત્યનારાયણ" પ્રિન્ટિંગ પ્રેસમાં પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યું.

ઠે૦ સીવીલ ઇસ્પીતાલ સામે, પાનાભાઈની વાડીમાં—અમદાવાદ.

કિંમત રૂ. ૦-૧-૩.

ગુજરાત ... અમદાવાદ ૮૨૫૭:૩.

પ્રસ્તાવના.

પ્રખ્યાત બંગાળી 'નવલ'કાર બાબુ બંકીમચંદ્રના નામથી હવે ગુજરાતનો રસિક વાચકવર્ગ સુપરિચિત છે એમની સાદી અને ટૂંકી છતાં, રસમય અને નીતિગર્ભ વાર્તા 'યુગલાંગુરીય'નું આ ભાષાન્તર છે. બંગાળી ભાષાના એક ઉત્તમ અભ્યાસક મિ. જે ડી. ઍન્ડર્સન, આઈ. સી. એસ.–એ ગૃહસ્થ 'બંકીમચંદ્ર'ની 'ટૂંકી વાર્તા'ઓ પર એવા તો ફિદા થઈ ગયા હતા, કે તેમણે તેનાં અંગ્રેજીમાં ઉત્તમ ભાષાન્તર કરી નાંખ્યાં છે! એજ બંકીમબાબુની 'ટૂંકી વાર્તાઓ'ની ઉત્કૃષ્ટતા દર્શાવી આપે છે.

ભાષાન્તર બહુધા મૂળને અનુસરતુંજ કરવામાં આવ્યું છે. વસ્તુમાં એક નાનોશો ફેરફાર કરી લેવાની મેં હિંમત કરી છે મૂળ વાર્તામાં એમ છે, કે હિરણના દાબડામાં જે પત્રખંડ મૂકવામાં આવેલો, તે આખા પત્રના ગમે તેવા બે વિભાગ કરી તેમાંનો એક મૂકવામાં આવેલો. છાપની ખુબીને ખાતર મેં જાણે ત્રણ ખંડ કરી તેમાંનો એક મૂકેલો એવી ગોઠવણ કરી છે. મારો હેતુ સિદ્ધ કરતા જતાં જો મૂળ વાર્તાની સુંદરતા બગડતી હોય તો તેનો દોષ મારે માથે છે.

બંગાળીમાંથી ભાષાન્તર કરવાના પ્રાથમિક મનોયત્નરૂપે આ ભાષાન્તર થયેલું છે. એટલે દરજ્જે એમાં સફળતા સાધી શકાઈ છે, તે કહેવાનું કાર્ય સુજ્ઞ વાચકવર્ગને માટે રાખવું ઠીક છે.

ભાષાન્તર કરી રહ્યા પછી એને જુદી છપાવાનો વિચાર મનમાં હતો; પણ પાછળથી વળી એમ લાગ્યું, કે આટલી નાની ને તે જૂદી શું છપાવવી? આમ ઘડભાંગ થયા કરતી હતી એવામાં સુપ્રસિદ્ધ અંગ્રેજી 'નવલ'-કાર એચ. જી. વેલ્સનું નીચે ફુટ-નોટમાં ટાંકેલું વચન આપવામાં આવ્યું અને પરિણામે જનસમાજની સહજ જિજ્ઞાસાની પરિતૃપ્તિને અર્થે એને જૂદી છપાવવાનો નિશ્ચય થયો. અનુકુળ છપાવી પ્રગટ કરનાર પણ મળી આવ્યા, એટલે એ નિશ્ચય સત્વર અમલમાં મૂકાયો.

લિ. સેવક,

માણેકલાલ કાલિદાસ ભટ્ટ.

"I would confess I would much prefer to see each printed expensively alone, and left in a little brown-paper cover to lie about a room against the needs of a quite casual curiosity."

મુદ્રિકાદ્વય.

પરિચ્છેદ પહેલો.

ઉદ્યાનમાં લતામંડપ નીચે બે જણ ઉભાં હતાં.

પ્રાચીન તામ્રલિપ્ત નગરીનું પાદપ્રક્ષાલન કરતો અનંત, નીલ સમુદ્ર મૃદુ મૃદુ નિનાદ કરી રહ્યો હતો.

તામ્રલિપ્ત નગરીના પ્રાન્તભાગમાં એક વિચિત્ર અટ્ટાલિકા છે. તેની સમીપમાં એક સુનિર્મિત વૃક્ષવાટિકા છે. એ વૃક્ષવાટિકાનો સ્વામી ધનદાસ નામે એક શેઠ છે.

શેઠની કન્યા હિરણ્યમયી લતામંડપ નીચે ઉભી ઉભી એક યુવક સાથે વાર્તાલાપ કરતી હતી.

હિરણ્યમયીનો કન્યાકાળ વીતી ગયો હતો. ઇચ્છાવરની કામનાથી અગિઆરમા વર્ષથી માંડીને પાંચ વર્ષ થયાં એજ સમુદ્રતીરવાસિની સાગરેશ્વરી નામે દેવીની તે પૂજા કરતી હતી; પરંતુ અદ્યાપિ તેનો મનોરથ સફળ થયો નહોતો.

યૌવનના બહારમાં આવેલી કુમારી કન્યા એકલી એ યુવક સાથે એકાંતમાં કેમ વાર્તાલાપ કરી શકે છે, તે સર્વને સુવિદિત છે!

હિરણ્યમયી જ્યારે ચાર વર્ષની બાલિકા હતી ત્યારે એ યુવકનું વય આઠ વર્ષનું હતું. એના પિતા શચીસૂત શેઠ ધનદાસના પ્રતિવાસી—પાડોશી હતા. આથી ઉભય એકત્ર બાલક્રીડા

કરતાં હતાં. કાં તો શચીસૂતના ઘરમાં, કે કાં તો ધનદાસના ઘરમાં સર્વદા સહવાસમાંજ રહેતાં હતાં. અત્યારે યુવતીનું વય સોળ વર્ષનું અને યુવકનું વય વીસ વર્ષનું હતું; તથાપિ ઉભય વચ્ચે બાલસખ્યનો સંબંધ અદ્યાપિ ચાલુજ હતો. થોડુંક થયાં માત્ર એમાં એક વિઘ્ન આવી પડ્યું હતું !

યોગ્ય સમયે બંનેના પિતાએ એ યુવક-યુવતીનો પરસ્પર વિવાહ સંબંધ કર્યો હતો. લગ્ન પણ લેવાઈ ચૂક્યાં હતાં ! પણ એવામાં એક દિવસ અકસ્માત્ હિરણ્યમયીના પિતાએ કહ્યું, કે મારે એ વિવાહ કબુલ નથી, અને હું લગ્ન કરનાર નથી !

ત્યારથી માંડીને હિરણ્યમયી ફરી પુરંદરને મળતીજ નહિ. આજે પુરંદરે અત્યંત વિનયપૂર્વક, કંઈક ખાસ કહેવાનું છે એમ કહી, તેને બોલાવી મંગાવી છે.

લતામંડપ તળે આવી હિરણ્યમયીએ કહ્યું, “ મને કેમ બોલાવવા મોકલ્યું ? હું હવે કંઈ બાલિકા નથી ! આવા નિર્જન સ્થાનમાં એકલાં તને મળવું, એ હવે કંઈ ઠીક દેખાય નહિ. હવે પછી જો બોલાવવા મોકલીશ તો હું આવનારી નથી. ”

સોળ વર્ષની બાળા બોલે, કે “હું હવે કંઈ બાલિકા નથી” એ તો બહુ મીઠી વાતઃ કિંતુ એ રસનો આસ્વાદ લેવા ત્યાં કોઈએ નહોતું ! પુરંદરનું વય વા મનોભાવ એવો નહોતો !

મંડપે ચઢેલી લતા પરથી એક પુષ્પ ચુંટી તેની નાજુક પાંખડી તોડતાં તોડતાં પુરંદરે કહ્યું, “ હવે ફરી નહિ બોલાવું. હું દૂર દેશાવર જાઉં છું, એ તને કહેવાજ આવ્યો હતો. ”

હિરણ્યમયી—“દૂર દેશાવર ? ક્યાં ? ”

પુરંદર—" સિંહલ."

હિરણ્યમયી—"સિંહલ ? એ શું ? કેમ સિંહલ જાય છે ?"

પુરંદર—"કેમ જાઉં છું ? આપણે વણિક છીએ. વાણિજ્યાર્થે જાઉં છું." બોલતાં બોલતાં પુરંદરની આંખમાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં !

હિરણ ઉદાસ થઈ ગઈ: કંઈ પણ બોલી નહિ ! અનિમેષ લોચને સન્મુખવર્તી સાગરનાં તરંગ ઉપર થતી સૂર્ય-કિરણની ક્રીડા જોવા લાગી.

પ્રાતઃકાલનો સમય છે; મૃદુ પવન મંદમંદ વહી રહ્યો છે; એથી ઉઠતાં નાનાં નાનાં તરંગ ઉપર બાલ-અરુણનાં કિરણ આરોહણ કરી નૃત્ય કરી રહ્યાં છે; સાગરના જલમાં તેની અનંત ઉજ્જવલ રેખા પ્રસારિત થઈ રહી છે; કોઈ શ્યામાંગીને અંગે રજતાલંકાર શોભી રહે, તેમ ફીણ-સમૂહ શોભી રહ્યો છે; તીરે જલચર પક્ષી-કુલ શ્વેતરેખાની સજાવટ કરી ઉડી રહ્યાં છે !

હિરણ્યમયીએ એ સર્વ જોયું:—નીલ જલ જોયું; તરંગ-રાશિ પર નૃત્ય કરતી ફીણમાલા જોઈ; સૂર્યકિરણની ક્રીડા જોઈ; દૂરવર્તી અર્ણવયાન કરતી નૌકા જોઈ; નીલાંબરે કૃષ્ણબિંદુ જેવું એક ઉડતું પક્ષી પણ જોયું. અંતે પૃથ્વી પર પડેલા એક કુસુમ તરફ દૃષ્ટિ ફેંકતાં ફેંકતાં તેણે કહ્યું, " તું કેમ જાય છે ? પહેલાં તો તારા પિતા જતા હતા ! "

પુરંદરે કહ્યું, " મારા પિતા હવે વૃદ્ધ થયા છે, અને મારે અર્થોપાર્જન કરવાનો સમય થયો છે. મેં. પિતાની અનુમતિ મેળવી છે ! "

હિરણ્ લતામંડપે દેહલતા ટેકવી ઉભીજ રહી! તેના કપાળે કરચલી વળી છે, અધર થરથરે છે, અને તેનું હૈયું ભરાઈ આવ્યું છે, એમ પુરંદરને જણાયું!

પુરંદરે મુખ ફેરવી નાખ્યું. તેણે પણ એક વાર આકાશ, પૃથ્વી, નગર, સમુદ્ર—એ સકળ તરફ દૃષ્ટિપાત કીધો; પણ કશાથી રહેવાયું નહિ. આંખોમાંથી અશ્રુબિંદુ સરી પડયાં!

આખરે તે ચક્ષુ લૂછી બોલ્યો: “હું એ વાત કહેવાજ આવ્યો હતો. જે દિવસે તારા પિતાએ કહ્યું, કે કોઈ પણ રીતે તે મારી સાથે તારાં લગ્ન કરનાર નથી, તેજ દિવસથી મેં સિંહલ ચાલ્યા જવાનો દૃઢ નિશ્ચય કીધો હતો. ઈચ્છા છે કે, હવે સિંહલથી પાછાં ન આવવું. જો કોઈ પણ રીતે તને ભૂલી શકીશ તોજ પાછો આવીશ! વધુ શું કહેવું તે મને સૂઝતું નથી; અને તુંએ વિશેષ સમજી નહિ શકે! એટલું સમજી શકીશ, કે મારે તો એક બાજુએ જગત્ અને એક બાજુએ તું હતી. તું જો મળનાર નથી, તો જગત્‌નું મારે કામે નથી!”

આટલું બોલી પુરંદર એકાએક પાછો ફર્યો, અને પગ હલાવી અન્ય એક છોડનું પાંદડું તોડયું. અશ્રુવેગ કિંચિત્ શમ્યા પછી ફરીને તેણે એક વાર કહ્યું, “તું મને ચાહે છે એ હું જાણું છું; પરંતુ સત્વર તું અન્યની પત્ની થઈશ!, આથી તું હવે મને ભૂલી જજે. આ જન્મે ફરી મારા મેળાપની આશા રાખીશ નહિ.”

આટલું કહી પુરંદર ત્યાંથી પગ ઉપાડી ચાલ્યો ગયો. હિરણ્મયી ત્યાંજ બેસી અશ્રુ સારવા લાગી થોડી વારે રુદન

બંધ કરી વિચાર કરવા લાગી, કે હુંજ ઝોઝરી જાઉં, તો શું પુરંદરને સિંહલ જવું પડે? હું ગળામાં લતાપાશ નાખી કેમ મરતી નથી? અથવા સમુદ્રમાં પડતું કેમ મૂકતી નથી? વળી તેને વિચાર આવ્યો, કે એ જાય કે ન જાય તેમાં મારે શું?!

ઘડીઘડીમાં આમ વિચાર કરતી, ફરી ફરી આક્રંદ કરતી, હિરણ ત્યાંજ બેસી રહી!

પરિચ્છેદ બીજો.

પુરંદર સાથે હિરણ્યમયીનાં લગ્ન કરવાની ધનદાસે ના કેમ પાડી તે વિષે કોઈ કંઈ જાણતું નહિ. તેણે કોઈની સમક્ષ એ વાતનો ભેદ ભાંગ્યોજ નહોતો. કોઈ જિજ્ઞાસા કરતું, તો તે કહેતો કે "કંઈક ખાસ કારણ છે". અન્યાન્ય અનેક સ્થળેથી હિરણનાં માગાં આવતાં, પણ ધનદાસ કોઈ પણ માગું સ્વીકારતો નહિ! વિવાહની વાતમાં કાન પણ દેતો નહિ! "દિકરી મોટી થઈ, હજુ ક્યાં સુધી કુમારી રાખશો?" આમ કહી પત્ની તેના પર રોષ કરતી, પણ ધનદાસ તે સાંભળ્યું ન સાંભળ્યું કરતો! કેવળ એટલું કહેતો કે ગુરુદેવ આવવાના છે; તે આવશે ત્યારે સૌ થઈ રહેશે.

પુરંદર સિંહલ ગયો. તેના ગયા પછી એ પ્રમાણે બે વર્ષ વીતી ગયાં, છતાં તે પાછો આવ્યો નહિ! અદ્યાપિ હિરણ્યમયીનો કોઈની સાથે વિવાહ–સંબંધ થયો નથી! અઢાર વર્ષની નવયૌવના બાળા ઉદ્યાનમાં આવી રહેલા નવપલ્લવિત આમ્રવૃક્ષની પેઠે ધનદાસના ઘરને શોભાવી રહી હતી!

હિરણ્યમયી એથી કંઈ દુઃખી હતીજ નહિ! વિવાહની વાત થતી, કે તેને પુરંદરનું સ્મરણ થઈ આવતું. પ્રફુલ્લ કુસુમમાળાથી વિભૂષિત, વાંકડીઆં શ્યામ કુંતલથી સુશોભિત, તેનું સહાસ્ય મુખમંડળ; હાથીના જેવા શુભ્ર સ્કંધ દેશ પર આવી રહેલું ભરગચ્છીનાં ફૂલથી સુશોભિત તેનું નીલ ઉત્તરીય, કરકમળે ઘાલેલી તેની હીરક મુદ્રિકાઓ;–એ સર્વ તેની દૃષ્ટિ આગળ તરી આવતું, અને કોણ જાણે શાથી તેનાથી રડી દેવાતું! પિતાની આજ્ઞા થતાં જેની તેની સાથે લગ્ન–સંબંધ તો કરવોજ પડશે, પણ તે જીવતાં મૃત્યુ–તુલ્ય થઈ પડશે, એમ તેને લાગતું! પોતાના વિવાહ–કાર્યમાં પિતાની આવી ઉદાસીનતા જોઈ ખૂશ થવું વા ન થવું તો બાજુએ રહ્યું, પણ તેને વિસ્મય તો થતુંજ. લોક આટલાં વર્ષ સુધી કન્યાને કુમારી રાખતા નથી; કદાચ રાખે તો વિવાહ તો કરીજ મૂકે છે. ત્યારે મારા પિતા એ વાત પર લગીરે લક્ષ કેમ નહિ દેતા હોય? કદિ કદિ આવા વિચાર–તરંગ પર તેનું હૈયું હિંચોળા ખાતું!

એક દિવસ અકસ્માત્ તેને એનું કારણ કંઈક કળી શકાય, એવું સાધન મળી ગયું!

વાણિજ્યમાં ધનદાસને ચિનાઈ બનાવટનો એક વિચિત્ર દાબડો મળી આવ્યો હતો. દાબડો ઘણો મોટો હતો, અને ધનદાસની પત્ની તેમાં પોતાના સર્વ અલંકાર રાખતી હતી. ધનદાસે કેટલાક નવા અલંકાર કરાવી પત્નીને પ્રેમપૂર્વક ભેટ કર્યા; એટલે શેઠાણીએ જુના સર્વ અલંકાર દાબડા સહિત પુત્રીને આપી દીધા. એ દાબડો ઉઘાડીને જોતાં હિરણને જણાયું, કે તેમાં કોઈએ લખેલા પત્રનો એક ખંડ પડેલો છે!

હિરણ્યમયી વાંચી જાણુતી. પત્રખંડમાં ઉપરજ પોતાનું નામ જોઈ તેને ઘણું કુતૂહલ ઉત્પન્ન થયું; પણ વાંચતાં જણાયું કે એ માત્ર એક ખંડજ છે, અને એનાથી કોઈ પણ પ્રકારનો સંપૂર્ણ અર્થબોધ થઈ શકે તેમ નથી. કોણે કોને લખેલો છે, તે પણ કંઈ જાણી શકાયું નહિ. આમ છતાં પણ તે વાંચતાંજ, હિરણ્યમયીના હૃદયમાં મહાભીતિનો સંચાર થયા વિના રહ્યો નહિ! છિન્ન પત્રખંડ આ પ્રમાણેનો હતોઃ—

યું છે, કે તેં વિચાર કર્યો
હિરણ્યમયી જેવી સુવર્ણની
નાખવાનું કદાપિ પણ બની શકશે
સંબંધ થયે ભયાનક વિપદ્ આવી
પ્રાપ્ત થવાનું છે, એ અમે
ત્સર સુધી પરસ્પરનું
પાશમાંથી એમ
હું કરી શકીશ.

કોઈ અજ્ઞાત વિપદ્‌ની આશંકાથી હિરણ્યમયી અત્યંત ભયભીત થઈ ગઈ. કોઈને કંઈ પણ કહ્યા વિના તેણે તે પત્રખંડ હતો તેમજ મૂકી રાખ્યો!

પરિચ્છેદ ત્રીજો.

બે ઉપર વળી એક વર્ષ વીતી ગયું. પુરંદરના સિંહલથી આવવા સંબંધેના કશાય સમાચાર આવ્યા નહિ. આમ છતાં પણ હિરણના હૃદયપ્રાન્તમાં તેની મૂર્તિ અદ્યાપિ પૂર્વવત્ ઉજ્જવલ

છે. તે મનમાં ને મનમાં વિચાર કરતી કે હજી પુરંદર પણ તેને ભૂલી શકયો નહિ હોય; નહિ તો આટલો સમય વીત્યા પછી તે પાછો ફર્યા વિના રહે નહિ.

આમ ત્રણ વર્ષ વીતી ગયા પછી એક દિવસ અકસ્માત્ ધનદાસે ઘરમાં કહ્યું, કે ચાલો કાશીયાત્રાએ જઈએ. ગુરુદેવની પાસેથી તેમના એક શિષ્ય આવ્યા છેઃ તે ખબર લાવ્યા છે, કે યાત્રાએ જવાની ગુરુદેવે અનુમતિ આપી છે. હિરણનાં લગ્ન પણ ત્યાંજ કરી નાંખવાનાં છે! ગુરુદેવે એને યોગ્ય એક પાત્રજનને વર તરીકે પસંદ કરી રાખ્યો છે!

પત્ની અને પુત્રીને લઈ ધનદાસ કાશીયાત્રાએ નીકળ્યો. કેટલોક સમય વીતે તેઓ કાશી પહોંચ્યાં. ત્યાં ગુરુદેવ આનંદસ્વામી તેમને આવી મળ્યા, અને લગ્નનું મુહૂર્ત્ત નક્કી કરી યથાશાસ્ત્ર તૈયારી કરવાનું કહી ગયા.

શાસ્ત્રવિધિ પ્રમાણે લગ્ન સમારંભની તૈયારી કરવામાં આવી, છતાં વાસ્તવિક તો સમારંભ જેવું કંઈજ નહોતું! ધનદાસનાં પરિવારજન સિવાય અન્ય કોઈ જાણતું પણ નહિ, કે એને ઘેર વિવાહ આવ્યો છે. કેવળ શાસ્ત્રીય આચારવિચારજ પાળવામાં આવ્યા હતા; ઉપરનો ડોળડમાક કે એવું કંઈ નહોતું!

લગ્નના દિવસે સંધ્યાકાળ વીતી ગયો—અને એક પ્રહર રાત્રિ વીતે તો લગ્ન હતાં—છતાં ઘરમાં હંમેશાં રહેતાં મનુષ્ય સિવાય અન્ય કોઈ નહોતું! અદ્યાપિ સુધી ધનદાસ સિવાય અન્ય કોઈ જાણતુંએ નહિ કે વર કોણ છે, અને કેવો છે. આમ છતાં પણ સઘળાંને એટલી તો ખાત્રી હતીજ, કે આનંદસ્વામીએ

૬૩૩૮

વિવાહ-સંબંધ કર્યો છે, તો વર કોઈ અપાત્રજનને તો હોયજ નહિ વર કોણ છે, એ વાતને તેઓ કેમ વ્યક્ત કરતા નહિ હોય, તે તો તે જાણે ! તેમના મનની વાત બીજાંએ શી રીતે જાણવી?

ઘરમાં પુરોહિત કન્યાદાન પ્રસંગે આવશ્યક સર્વ સામગ્રી તૈયાર રાખી એકલા બેઠા છે, અને બહાર ધનદાસ વરના માર્ગની પ્રતીક્ષા કરતા એકલા બેઠા છે! અંતઃપુરમાં કન્યાને લગ્ન-પ્રસંગે સજવાના સર્વ વસ્ત્રાલંકાર સજી હિરણ્ એકલી બેઠી છે; બીજું કોઈ કરતાં કોઈ નથી !

હિરણ્યમયી બેઠી બેઠી વિચાર કરે છે, કે આ તે શું હશે ? જો પુરંદર સાથે મારાં લગ્ન ન થયાં, તો હવે જેની તેની સાથે ભલે થાય. એ મારા દેહના સ્વામી થશે, મનના નહિ.

એટલામાં ધનદાસ કન્યાંને બોલાવવા આવ્યા. પરંતુ તેને લગ્ન-મંડપમાં લઈ જતા પહેલાં તેનાં બંને નેત્ર વસ્ત્રના પાટાથી સજ્જડ બાંધી લેવામાં આવ્યાં. હિરણે પૂછ્યું; "બાપા, આ શું ?" ધનદાસે કહ્યું, "ગુરુદેવની આજ્ઞા ! તું પણ મારી આજ્ઞા પ્રમાણે કાર્ય કર. મન્ત્ર વગેરે મનમાં ને મનમાંજ બોલજે !"

આ સાંભળી હિરણ્ કંઈજ બોલી નહિ. દૃષ્ટિહીન કન્યાનો હાથ ઝાલી ધનદાસ તેને લગ્ન-મંડપમાં દોરી ગયો !

લગ્ન-મંડપમાં ગયા પછી હિરણ્યમયી કંઈ પણ જોવા પામી હોત, તો તે એજ દેખત કે વર પણ તેની પેઠે આવૃત્તનયન છે !

એ પ્રમાણે લગ્નવિધિ પરિપૂર્ણ થયો. લગ્નમંડપમાં વરકન્યા ઉપરાંત ગુરુ, પુરોહિત, અને કન્યાના પિતા સિવાય અન્ય કોઈ

નહોતું ! વરકન્યા એક બીજાને જોઈ શકયાં નહિ. અરે, મીઠડું નેત્ર–મિલન પણ ન થયું !

કન્યાદાન દેવાઈ રહ્યા પછી આનંદસ્વામીએ વરકન્યાને કહ્યું, "તમારાં લગ્ન થયાં છે; છતાં તમે પરસ્પરને જોઈ શકયાં નથી. કન્યાના કુંવારા ગ્રહ ઉતારવા એજ આ લગ્નનો ઉદ્દેશ છે. આ જન્મે તમારો પતિ–પત્નીનો કોઈ પણ સમયે મેળાપ થશે કે કેમ, એ કહી ન શકાય એવું છે. જો કદાપિ મેળાપ થશે, તો પણ કોઈ કોઈને ઓળખી શકનાર નથી. એવા પ્રસંગે એક બીજાને ઓળખવાનો હું એક પ્રબંધ રચી આપું છું."

"મારી પાસે બે મુદ્રિકા છે. બંને એકજ ઘાટની છે. જે પત્થરની એ મુદ્રિકાઓ બનાવેલી છે, તે અપ્રાપ્ય છે. વળી બંને મુદ્રિકાના અંતઃપૃષ્ટમાં એક એક નાનોશો મયૂર અંકિત કરેલો છે. એમાંની એક હું વરને અને બીજી કન્યાને પહેરાવું છું. વિશેષમાં એ, કે એ મયૂરનું ચિત્ર પણ અનનુકરણીય છે, અને તે મેં સ્વ-હસ્તે કોતરેલું છે. જો કન્યા કોઈ પુરુષને હાથે એવી મુદ્રિકા જુએ, તો તેણે જાણવું કે તેજ પુરુષ તેનો પતિ છે; અને જો વર કોઈ પણ સ્થળે, કોઈ પણ સ્ત્રીના હાથે એવી મુદ્રિકા જુએ, તો તેણે જાણવું કે તેજ સ્ત્રી તેની પત્ની છે. તમે બંને પોતપોતાની મુદ્રિકા ખોશો નહિ, કોઈને આપશો નહિ, કે અન્નપાણીની આખડીઓ પડે તોપણ કોઈને વેચશો નહિ. વળી એવી પણ આજ્ઞા કરૂં છું, કે આજથી પાંચ વર્ષ સુધીમાં કોઈ પણ પ્રસંગે એ મુદ્રિકાઓ પહેરશો નહિ. આજે આષાઢ સુદિ પંચમીની રાત્રિના અગિઆર વાગ્યા છે; ત્યાંથી પૂરાં પાંચ વર્ષ થતા સુધી એ મુદ્રિકાઓ પહેરવાની મના કરૂં

છું. મારી એ આજ્ઞાનું ઉલ્લંઘન કરશો, તો તમારૂં બહુ અ-મંગલ થશે.”

આટલું કહી **આનંદસ્વામી** વિદાય થયા. **ધનદાસે** કન્યાની આંખેથી પાટો દૂર કર્યો. હિરણે ચાહીને જોયું, છતાં પિતાં અને પુરોહિત સિવાય અન્ય કોઈ ત્યાં માલમ પડયું નહિ! વાસક-સજ્જા થવાનો ઓરીઓ તેને વીત્યો નહિ! લગ્ન-રાત્રિ તેણે એકલી અટુલીએજ ગુજારી!

પરિચ્છેદ ચોથો.

લગ્ન થઈ ગયા પછી **ધનદાસ** સ્ત્રી, પુત્રી, વગેરે પરિવારને લઈ સ્વદેશ પાછો ફર્યો. બીજાં ચાર વર્ષ વીતી ગયાં, છતાં પુરંદર પાછો આવ્યો નહિ. હિરણ્યમયીને તો હવે તે પાછો ફરે તોએ શું, અને ન ફરે તોએ શું?

સાત સાત વર્ષ વહી ગયાં, છતાં પુરંદર પાછો આવ્યો નહિ; એ વિચારથી હિરણને બહુ દુઃખ થતું. તે વિચાર કરતી, કે આજ સુધી પણ તે મને ભૂલી શકયોજ નહિ હોય એમ કંઈ સંભવે નહિ. તેના જીવનનોજ સંશય છે. તેને નજરે નીરખવાની મને કંઈ કામના નથી, કારણકે હવે હું પરસ્ત્રી છું; છતાં બાલ્યથી ભેગાં રમી, જમી, અમે મોટાં થયાં છીએ, તો પછી તેના દર્શનની કામના મારે ન પણ કેમ કરવી?

કોણ જાણે શાએ કારણથી **ધનદાસ** હમણાનો ચિંતામગ્ન જણાતો. ધીમે ધીમે તેની ચિંતા વધતી જતી જણાઈ, અને અંતે

તે દારુણ રોગમાં પરિણામ પામી. આખરે એ રોગ જીવલેણ નીવડયો. ધનદાસની પત્નીએ સહગમન કરવાનો નિશ્ચય કર્યો. ધનદાસનું બીજું કોઈ સગું-સંબંધી હતું નહિ, તેથી આક્રંદ કરતી હિરણે માતાને પગે પડી, અને અનેક પ્રકારે વિનવણી કરી કહ્યું, “મા, તું મરીશ નહિ.” છતાં શેઠાણીએ કંઈ સાંભળ્યું નહિ, અન્તે પોતાનું ધાર્યુંજ કર્યું!

હવે હિરણ્યમયીને ઉપર આભ ને નીચે ધરતી થઈ રહી.

મૃત્યુકાળે હિરણ્યમયીની માતાએ તેને પાસે બોલાવી કહ્યું, “બેટા, તારે શી ઇચ્છા છે? આ જગત્‌માં એક જણ અવશ્ય તારો સ્વામી છે. નિયમિત કાળ વીત્યા પછી તેની સાથે તારો મેળાપ થાય તો થાય પણ ખરો! કદાપિ ન થાય, તોપણ તું હવે કંઈ છેક બાલિકા નથી; અને વળી વિશેષમાં આ પૃથ્વીમાં જે સર્વશ્રેષ્ઠ સહાય થઈ પડે છે તે-ધન-તો તારી પાસે અપરિમિત છે!”

પણ એ આશા ખોટી પડી. ધનદાસના અવસાન પછી જણાયું, કે તે પાછળ કંઈ પણ મૂકી ગયો નહોતો. ઘરેણુંગાંઠું, ઘર, ને ઘરવાખરો—એ વિના મિલ્કતમાં બીજું કશુંય નહોતું! અનુસંધાનથી હિરણે જાણી લીધું, કે ધનદાસને છેલ્લાં કેટલાંક વરસથી વાણિજ્યમાં ઉપરાઉપરી ખોટ આવી હતી. કોઈને પણ જાણ પડવા દીધા વિના એ ખાધ પૂરવાના ઉપાયની શોધ તે હંમેશ કર્યાં કરતો; એજ એની ચિંતાનું કારણ. અંતે ખાધ પુરાવી અશકય જણાઈ, અને ધનદાસ અત્યંત માનસિક દુઃખથી પિડાઈ દેવલોક પામ્યો હતો.

આ પ્રમાણેની પરિસ્થિતિની જાણ પડી, કે તરત લેણદાર

શાહુકારો ઉપરાઉપરી આવી બિચારી હિરણુને કહેવા લાગ્યા, કે તારો બાપ અમારૂં દેવું મૂકી મરી ગયો છે. તું તેની વારસ છે, તો અમારૂં દેવું ચૂકતે કર. હિરણ્યમયીને લાગ્યું, કે તેમનું કહેવું યથાર્થ છે. આથી તેણે પોતાનું સર્વસ્વ વેચીસાટી પિતાનું દેવું પાઈએ પાઈ ચૂકવી આપ્યું. રહેવાનું ઘરસુદ્ધાં વેચી નાખ્યું હતું !

એ પછી હિરણ્યમયી અન્નવસ્ત્રના દુઃખે દુઃખી થઈ નગરના અંત–ભાગમાં આવલી એક કુટીમાં એકલી વાસ કરવા લાગી. આ જગત્‌માં પરમહિતૈષી આનંદસ્વામી માત્ર તેના સહાય હતા, પણ તે અત્યારે દૂર દેશમાં હતા. તેની પાસે એકે એવું અંગનું માણસ નહોતું, કે જેને તે આનંદસ્વામી પાસે મોકલે.

પરિચ્છેદ પાંચમો.

અમલા નામે એક ગોપકન્યા હિરણ્યમયીની પાડોશણ હતી. તે વિધવા હતી અને પાકી વયની હતી. તેને એક કિશોર વયનો પુત્ર અને કેટલીક પુત્રીઓ હતી. સચ્ચારિત્ર્યને લીધે નગરજન તેને સાધ્વી અમલાને નામે ઓળખતાં. હિરણ યુવતી અને વળી પરમ સુંદરી હોવાથી આવી એકાંતિક કુટીમાં રાત્રિએ તેણે એકલીએ શયન કરવું એ ઠીક નહિ. એથી આપત્તિ આવવાનો અને કદાચિત્ કલંક પણ લાગવાનો સંભવ ખરોઃ આથી હિરણ રાત્રિએ અમલાને ઘેર જઈ શયન કરતી.

એક દિવસ હિરણ્યમયી અમલાને ત્યાં શયન કરવા આવ્યા પછી, આ વાત પેલી વાત કરતાં અમલાએ કહ્યું, " આજ

તો વાત સાંભળી છે, કે આપણા નગરના પુરંદર શેઠ કંઈ નહિ તો આઠેક વર્ષે દેશાવર ફરી આવ્યા છે."

એ સાંભળી હિરણે આડું જોયું, કે આંખનાં આંસુ અમલા જોઈ ન જાય. ક્ષણભર પૃથ્વી સાથેનો તેનો સંબંધ નામશેષ થઈ ગયો! તેને લાગ્યું, કે પુરંદર જરૂર તેને ભૂલી ગયો હોવો જોઈએ; નહિતો તે કદાપિ પાછો ફરે નહિ.

હવે પુરંદર તેનું સ્મરણ રાખે કે ન રાખે તેથી લાભ-હાનિ શી? તથાપિ જેના બાલસ્નેહનાં સંસ્મરણો સંભાળી સંભાળી તે દોહ્યલા દિવસ નિર્ગમન કરતી હતી, તે આખરે તેને ભૂલી ગયો; એ વિચારે તેને અત્યંત દુઃખી કીધી. ઘડીકમાં તે વિચાર કરતી, કે ભૂલે તો નહિજ; મારે માટે કેટલો સમય વિદેશમાં બેસી રહે? વિશેષમાં દેશાંતરવાસ દરમિયાન એના પિતાનું મૃત્યુ થયું છે; હવે દેશમાં ન આવે તે કેમ ચાલે? વળી ઘડીકમાં તેને વિચાર આવતો, કે નિઃસંદેહ હું કુલટા છું; નહિ તો હવે પુરંદરની વાત મનમાં લાવુંજ કેમ?

અમલા બોલી, "કેમ પુરંદરને ઓળખેછ કની? પુરંદર-શચીસૂત શેઠનો છોકરો!"

હિરણ્યમયી—"ઓળખું છું."

અમલા—"તે આવ્યા છે કની, તે એટલી નૌકા ભરી ધન લાવ્યા છે કે ગણી ગણાયજ નહિ! આપણી તામ્રલિપીમાં તો એટલું ધન કદિ કોઈએ જોયુંએ નહિ હોય!"

હિરણનાં હૃદયમાં રુધિર ઉષ્ણ થઈ વહેવા લાગ્યું. પુરંદર-ની દરિદ્ર દશાનો તેને વિચાર આવ્યો; સાથે તેની સાથેના

પોતાના પૂર્વ સંબંધનો પણ વિચાર આવ્યો. દારિદ્યની જ્વાલા! અહા, મહા ભયંકર જ્વાલા! તેનું પરિવર્તન થઈ એ અતુલ ધનરાશિ હિરણનો થઈ શકત, એનો વિચાર કરતાં જેનું રુધિર ગરમ થઈ ન વહે, એવાં સ્ત્રીજન વિરલ છે આ જગત્‌માં.

હિરણ્યમયી ક્ષણેક વિચારમાં પડી ગઈ; પણ પછી તેણે બીજી વાતો કાઢી. અંતે શયનકાળે જિજ્ઞાસા કરી, કે અમલા, પેલા શેઠપુત્રનાં લગ્ન થયાં છે કે?

અમલાએ કહ્યું, "ના, લગ્ન તો થયાં નથી."

હિરણની સર્વ ઇંદ્રિયો અવશ થઈ ગઈ.

તે રાત્રિએ બીજી કંઈ વાતચીત થઈ નહિ.

પરિચ્છેદ છઠ્ઠો.

આ વાત થયાને કેટલાક દિવસ વીતી ગયા પછી, એક દિવસ અમલા હિરણ્યમયીની પાસે સ્મિતભર્યા મુખે આવી અને કહેવા લાગીઃ "જા, જા, બેન! તારાં આવાંજ લક્ષણ કે?"

હિરણ્યમયી—"કેમ, મેં શું કીધું?"

અમલા—"મારી પાસે આટલા દિવસ તું કંઈ બોલીએ નહિ!"

હિરણ્યમયી—"શું બોલી નહિ?"

અમલા—"પુરંદર શેઠ સાથે તારે આટલી બધી આત્મીયતા!"

હિરણ્યમયીએ કંઈક શરમાઈને કહ્યું, "તે એક સમયે અમારા પાડોશી હતા. પણ એમાં કહેવાનું શું?

અમલા—માત્ર પાડોશીજ? જો, જોઈ એ. આ હું શું લાવી છું?

એમ કહી અમલાએ એક દાબડો બહાર કાઢયો, અને તે ઉઘાડી તેમાંનો અપૂર્વદર્શન, મહાપ્રભાયુક્ત, બહુમૂલ્ય હીરાનો હાર બહાર કાઢી હિરણને બતાવ્યો. એક સમે મોટા શ્રીમંતની પુત્રી હોવાથી હિરણ હીરા પારખી શકતી હતી. વિસ્મિત થઈ તેણે પૂછ્યું, "અલી, આ તો બહુ કીમતી છે; કયાંથી લાવી એ?"

અમલા—"એ પુરંદર શેઠે તને મોકલાવ્યો છે. તું મારા ઘરમાં આવે જાય છે એવું સાંભળી તેણે મને બોલાવી, મારી સાથે એ મોકલ્યો છે; અને તને આપવાનું કહ્યું છે."

હિરણ્યમયીને વિચાર કરી જોતાં લાગ્યું, કે એ હાર સ્વીકારવાથી ચિરકાળથી આવી પડેલું દારિદ્યનું દુઃખ નષ્ટ થાય તેમ છે. ધનદાસ શેઠની પ્રિય પુત્રીને એ સ્વીકાર્યા પછી અન્નવસ્ત્રનું મહા મહા કષ્ટ સહન કરવું પડે તેમ નથી. આથી તે ક્ષણેક મુઝવણમાં પડી ગઈ! અંતે દીર્ઘ નિશ્વાસ નાખી બોલી, "અમલા, તું શેઠને કહેજે, કે હું એ ગ્રહણ કરીશ નહિ!"

અમલા વિસ્મય પામી બોલી: "એ શું? તું ગાંડીતો નથી ને! મારી વાતમાં તને વિશ્વાસ નથી?"

હિરણ—"ના, ના, એમ લગારે નથી; માત્ર એટલુંજ કે હું એ ગ્રહણ કરવાની નથી!"

અમલા અત્યંત તિરસ્કાર કરવા લાગી, પણ હિરણ કોઈ પણ રીતે એકની બે થઈ નહિ! થાકીને હાર લઈ અમલા રાજા મદનદેવ પાસે ગઈ. રાજાને પ્રણામ કરી હાર ભેટ આપ્યો, અને બોલી, કે મહારાજ, એ હાર આપને ગ્રહણ કરવાનો છે, એ આપનેજ યોગ્ય છે.

રાજાએ હાર લઈ અમલાને યથેચ્છ દ્રવ્ય આપ્યું. હિરણ્યમયીએ એ સંબંધે કંઈ પણ જાણ્યું નહિ!

આ વાત બન્યાને કેટલાક દિવસ થયા પછી પુરંદરની એક પરિચારિકા હિરણની પાસે આવી, અને કહેવા લાગીઃ "મારા શેઠે આપને વિનતિ કરવા મોકલી છે કે, આપ આ પર્ણકુટીમાં વાસ કરો છો, તે તેમનાથી સહેવાતું નથી. આપ તેમનાં બાલ્યકાળનાં સખી છો; તેમનું ઘર તે આપનુંજ છે! છતાં તે એમ કહેતા નથી, કે આપ તેમના ઘરમાં જઈ વાસ કરો. આપનાં પિતાનું ઘર તેમણે ધનદાસ શેઠના લેણદાર પાસેથી ખરીદી લીધું છે. પુરંદર શેઠ આપને તેનું દામ કરી દે છે; આપ તે ઘરમાં જઈ વાસ કરો, એજ તેમની આપપ્રતિ પ્રાર્થના છે."

હિરણ્યમયી દારિદ્રજન્ય જે દુઃખો સહન કરતી હતી, તે સર્વમાં પોતાના બાપિકા ઘરમાંથી તેને નીકળવું પડયું હતું, તે તેને ઘણુંજ સાલતું. જ્યાં નાનાવિધ બાલક્રીડા કીધી હતી; જ્યાં માતપિતાના સહવાસમાં રહી આનંદે દિવસ નિર્ગમન કરતી હતી; જ્યાં તેમનું મૃત્યુ તેણે જોયું હતું; તે ઘરમાં હવે વાસ કરવાનું બની શકતું નહિ, એથી તેને બહુજ લાગી આવતું. તે ઘર સંબંધી વાતથી તેનાં ચક્ષુ જલપૂર્ણ થઈ ગયાં. તેણે પરિચારિકાને આશીર્વાદ આપી કહ્યું, "બેન, મારે એ દાન ગ્રહણ કરવું ઉચિત તો નથી, પણ હું એ ઘરમાં રહેવાના પ્રલોભનને ટાળી શકતી નથી. તારા શેઠનું સર્વથા કલ્યાણ થજો!"

પરિચારિકા પ્રણામ કરી વિદાય થઈ. અમલા પાસે હતી નહિ. તે આવી એટલે હિરણે સઘળી વાત કરી, અને કહ્યું "અ-

મલા, ત્યાં મારાથી એકલાં તો રહેવાશે નહિ; તું પણ મારી સાથે ત્યાં રહેવા ચાલ."

અમલા કબુલ થઈ. બંને જણી તે પછી જઈ ધનદાસ શેઠના ઘરમાં રહેવા લાગી.

તથાપિ એક દિવસ હિરણ્યમયીએ અમલાને પુરંદર શેઠને ત્યાં હંમેશ જાઆવ કરવાની ના પાડી ! અમલા હવે ત્યાં જતી નહિ.

પિતાને ઘેર રહેવા ગયા પછી હિરણને એક વાતનું બહુ આશ્ચર્ય થયું. એક દિવસ અમલાએ કહ્યું, "બેન, તું હવે સંસારનિર્વાહ માટે જરાએ વ્યગ્ર થઈશ નહિ, કે શારીરિક પરિ-શ્રમ કરીશ નહિ. રાજદરબારમાં મારે ઓળખાણ થયું છે, એટલે દ્રવ્યની મારે કશીય કમીના નથી. ઘરસંસાર હું ચલાવીશ; તું તારે વ્યવહાર સંભાળી ખાઈપી આનંદે દિવસ નિર્ગમન કરજે!"

હવે અમલા પાણીની પેઠે પૈસો વાપરતી, તે હિરણ જાણતી. એટલો પૈસો એની પાસે શી રીતે આવતો હશે, તે સંબંધે તે નાનાપ્રકારના તર્કવિતર્ક કર્યા કરતી !

પરિચ્છેદ સાતમો.

લગ્ન થયા પછીની છઠ્ઠી આષાઢી શુકલપક્ષની પંચમી આવી પહોંચી. હિરણને એ વાતનું સ્મરણ થઈ આવવાથી સંધ્યા-સમયે ઉદાસ બેઠી છે. તે વિચાર કરતી હતી, કે ગુરુદેવની આજ્ઞાનુસારે હું કાલે લગ્ન-મુદ્રિકા પહેરી શકીશ. કિંતુ પહેરવાથી શું ? પહેર-વાથી મને શો લાભ ? હશે તો સ્વામી મળશે; પણ સ્વામી મળે

તો સારૂં, એવી હવે મને વાસના નથી ! વળી ચિરકાળથી પરપુરુષ થયલાની મૂર્તિ પણ હું શા માટે મનમાં અંકિત કરી રાખું છું ? આ દુષ્ટ હૃદયને વશ કરવુંજ યોગ્ય છે; નહિ તો મારા સ્ત્રીધર્મથી હું પતિત થતી જાઉં છું.

એ સમયે વિસ્મયથી વિહ્વલ થઈ ગયલી અમલા ત્યાં આવી પહોંચી, અને કહેવા લાગી, "આ તે શા ભોગ ? હું તો કંઈ સમજીજ શકતી નથી ! શું થવા બેઠું છે, તેની મને તો ખબરે પડતી નથી !"

હિરણે કહ્યું, "શું થયું છે ?"

અમલા—"દરબારમાંથી તને તેડવા માટે શિબિકા લઈ દાસ-દાસી આવ્યાં છે. તે તને ત્યાં તેડી જશે !"

હિરણ્યમયી—"તું કંઈ ગાંડીબાંડી થઈ છે ? મને રાજ-દરબારમાંથી તેડવા આવે શા માટે ?"

એટલામાં તો રાજદૂતીએ આવી પ્રણામ કરી કહ્યું, કે રાજા-ધિરાજ પરમ ભટ્ટાર્ક શ્રી **મદનદેવ**ની આજ્ઞા છે, કે હિરણ્યમયીએ આજ ક્ષણે શિબિકામાં બેસી શ્રી દેવની સમક્ષ હાજર થવું.

હિરણ્યમયી આશ્ચર્ય પામી; કિંતુ એ આજ્ઞાનો અસ્વીકાર કરી શકી નહિ. રાજાજ્ઞા અલંઘ્ય છે. વિશેષમાં રાજા **મદનદેવ** સમક્ષ જવામાં કોઈ પણ પ્રકારની આશંકા કરવાનું પણ પ્રયો-જન નહોતું. રાજા પરમધાર્મિક અને જીતેન્દ્રિય તરીકે પ્રખ્યાત હતા. તેના પ્રતાપથી કોઈ રાજપુરુષ પણ કોઈ સ્ત્રીજન ઉપર અત્યાચાર કરવાનો સંકલ્પ સરખો કરી શકતો નહિ.

હિરણ્યમયીએ અમલાને કહ્યું, "બેન, હું રાજાજીનાં દર્શને જવા ઇચ્છું છું. તું પણ સાથે ચાલ."

અમલા સંમત થઈ.

તૈયાર થઈ શિબિકામાં બેસી હિરણ અમલા સાથે રાજ-મંદિરે આવી પહોંચી. પ્રતિહારીએ રાજાને નિવેદન કર્યું, કે શેઠ-કન્યા આવી પહોંચી છે. રાજાની આજ્ઞા થતાંજ એકલી હિરણને રાજા સમક્ષ તેડી જવામાં આવી! અમલા બહારજ રહી!

પરિચ્છેદ આઠમો.

હિરણ્યમયી રાજાને જોઈ વિસ્મય પામી. રાજાનું શરીર કદાવર, વૃક્ષઃસ્થળ વિશાળ, હાથ લાંબા, અને બાંધો મજબૂત હતો. લલાટ ભવ્ય ને વિશાળ હતું, અને નેત્ર દીર્ઘ ને તેજસ્વી હતાં. એવા સુંદર પુરુષ સ્ત્રીજનની દૃષ્ટિએ કવચિત્ પડે છે! રાજાને પણ શેઠ-કન્યાંને જોઈ લાગ્યું, કે રાજદરબારમાં પણ એવી પરમ સુંદરી દુર્લભ છે!

રાજાએ પૂછ્યું, "હિરણ્યમયી તુંજ કે?"

હિરણે વિનયથી ઉત્તર વાળ્યો, "તેજ હું, આપની દાસી."

રાજાએ કહ્યું, "તને કેમ બોલાવી છે તે સાંભળ. તારાં લગ્નની વાત તને યાદ આવે છે?"

હિરણ—"હા, આવે છે."

રાજા—"તેજ રાત્રે આનંદસ્વામીએ તને જે મુદ્રિકા આપી હતી તે છે કે?"

હિરણ—મહારાજ, તે મારી પાસે છે; પણ એ સઘળો વૃત્તાંત તો અતિગૂઢ છે; આપે તે શી રીતે જાણ્યો ?

રાજાએ પ્રત્યુત્તર ન વાળતાં કહ્યું, "તે મુદ્રિકા ક્યાં છે ? મને બતાવ."

હિરણ—"તે તો હું ઘેર મૂકીને આવી છું. પાંચ વર્ષ પરિપૂર્ણ થવાને હજુ કેટલીક વાર છે; તેથી તે પહેરવામાં આનંદસ્વામીએ નિષેધેલી મુદતનો બાધ હજુ નડે છે !"

રાજા—"બહુ સારૂં; પણ તે મુદ્રિકાના જેવીજ બીજી મુદ્રિકા આનંદસ્વામીએ તારા પતિને આપી હતી, તેને તું દીઠે ઓળખે ખરી કે ?"

હિરણ—"બંને મુદ્રિકા એકજ રૂપ છે; એથી જોઈને ઓળખી શકીશ."

તરતજ રાજાની આજ્ઞા થતાં પ્રતિહારીએ એક સુવર્ણનો ગોળ દાબડો આણ્યો. રાજાએ તેમાંથી એક મુદ્રિકા લઈ કહ્યું, "જો, આ મુદ્રિકા કોની ?"

હિરણ્યમયીએ મુદ્રિકા કરમાં લઈ, ઝગઝગતા દીપ-તેજમાં બારીકીથી નિરીક્ષણ કરી કહ્યું, "દેવ, એજ મારા સ્વામીની મુદ્રિકા જણાય છે; પણ આપને એ ક્યાંથી મળી ?"

વળી ક્ષણેક વિચાર કરી બોલી, "આથી મને લાગે છે, કે હું વિધવા થઈ છું. સ્વજનહીન મૃત્યુ પામેલાનું ધન આપને હસ્તગત થયું છે. એમ ન હોય તો જીવતાં તે એનો ત્યાગ કરે એવો તો સંભવ છેજ નહિ !"

રાજાએ હસીને કહ્યું, "મારી વાતમાં વિશ્વાસ રાખ, તું વિધવા થઈ નથી."

હિરણ—"તો મારા સ્વામી મારા કરતાં પણ દરિદ્ર હોવા જોઈએ. ધનલોભે તેમણે એ વેચી મારેલી!"

રાજા—"તારો સ્વામી તો મોટો ધનાઢ્ય પુરુષ છે!"

હિરણ—"ત્યારે આપે બળ, કળ, કે છળથી તેની પાસેથી એ પડાવી લીધેલી!"

આ અતિસાહસિક વચન સાંભળી રાજા વિસ્મય પામ્યો. તેણે કહ્યું, "તું બહુ સાહસ ખેડે છે. રાજા મદનદેવને તારા વિના અન્ય કોઈ ચોર કે લુંટારો કહેતું નથી."

હિરણ—"જો એમ નજ હોય, તો તે વિના આપને આ મુદ્રિકા ક્યાંથી મળી?

રાજા—"તારાં લગ્ન થયાં તેજ રાત્રિએ આનંદસ્વામીએ મારી અંગુલિએ એ પહેરાવી હતી!"

આ સાંભળી હિરણ લજ્જાથી નીચું જોઈ બોલી: "આર્યપુત્ર, મારો અપરાધ ક્ષમા કરો. હું ચપળબુદ્ધિ છું. અજાણતાં આપને કટુ વચન કહેવાઈ ગયાં છે.

પરિચ્છેદ નવમો.

પોતે એક રાજમહિષી છે, એ સાંભળી હિરણના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. પરંતુ એથી તે જરાય ખૂશ થઈ નહિ; ઉલટી નાખૂશ થઈ. તેને વિચાર આવ્યો, કે હું આટલા દિવસ પુરંદરને પામી શકી નહિ તે તો ખેર, પણ પરપત્નીત્વની પીડા અદ્યાપિ

મેં અનુભવી નહોતી. હવે આજથી એ દુઃખનો આરંભ થયો. હું અંતરથી પુરંદરને ચાહું છું, તો અન્યાનુરાગી થઈ, શી રીતે આ મહાત્માના રાજમંદિરને–હૃદયમંદિરને કલંકિત કરી શકું ? તે આ પ્રમાણે વિચાર કરતી હતી એટલામાં રાજાએ કહ્યું, "હિરણ, તું મારી રાણી થઈ; પણ તને ગ્રહણ કરતાં પૂર્વે મારે તને કેટલીક વાત પૂછવી છે." તું ભાડુંતોડું કંઈ પણ આપ્યા વિના પુરંદર શેઠના ઘરમાં કેમ વાસ કરી રહેલી છે?

હિરણ્યમયીએ નીચું જોયું !

રાજાએ પુનરપિ જિજ્ઞાસા કરી: "તારી દાસી **અમલા** હંમેશાં પુરંદરને ત્યાં કેમ ઘાલમેલ કર્યા કરે છે ?"

હિરણ્યમયી હજુ પણ લજ્જાવનત મુખે ઉભી રહી; મનમાં વિચાર કરવા લાગી, કે રાજા **મદનદેવ** શું સર્વજ્ઞ છે!

વળી રાજાએ કહ્યું, "એથી પણ વધારે ગંભીર એક વાત છે. તું પરનારી છતાં પુરંદર શેઠે મોકલેલા હીરાના હારનો તેં કેમ સ્વીકાર કર્યો ?."

આ સમયે હિરણ ગાજી ઉઠી: "આર્યપુત્ર, હું જાણી ગઈ છું કે આપ સર્વજ્ઞ નથી. તે હાર તો મેં પાછો વાળ્યો.છે!"

રાજા—"તેં.તે હાર મને વેચ્યો છે! આ જો તે જ હાર ! આમ કહીં રાજાએ દાબડામાંથી હીરાનો હાર કાઢી બતાવ્યો. હિરણ્યમયી હાર ઓળખી વિસ્મય પામી બોલી: "આર્યપુત્ર, મેં જાતે આવી એ હાર આપને વેચ્યો છે ?"

રાજા—"ના, તારી દાસી કે દૂતી **અમલાએ** વેચ્યો છે. તેને બોલાવું ?"

હિરણના ઝંખવાયલા વદનમંડળ ઉપર લગાર હાસ્યરેખા ફૂટી! તેણે કહ્યું, "આર્યપુત્ર, અપરાધ ક્ષમા કરો. અમલાને બોલાવવાની કંઈ જરૂર નથી, હું એ વિક્રયનો સ્વીકાર કરૂં છું!

આ સાંભળી રાજા વિસ્મય પામી બોલ્યો: "સ્ત્રીચરિત્ર ન ઇચ્છવા જોગ હોય છે; તું પરસ્ત્રી છતાં પુરંદર પાસેથી તેં એ હાર કેમ ગ્રહણ કર્યો?"

હિરણ—"પ્રણયોપહાર તરીકે મેં એ સ્વીકાર્યો છે!"

રાજાએ વળી વધારે વિસ્મય પામી પૂછ્યું, "તે શું? શી રીતે પ્રણયોપહાર?"

હિરણ—"હું કુલટા છું. મહારાજ, હું આપયોગ્ય નથી. હું પ્રણામ કરી વિનવું છું, કે આપ મને વિદાય કરો. મારી સાથેના લગ્ન-સંબંધને આપ કૃપા કરી ભૂલી જજો!"

હિરણ્યમયી રાજાને પ્રણામ કરી જવા તત્પર થઈ! એ સમયે રાજાની વિસ્મય-વિકાસક મુખકાન્તિ અકસ્માત્ પ્રફુલ્લ થઈ. તે મોટેથી હસી પડ્યો! હિરણ પાછી ફરી.

રાજાએ કહ્યું, "હિરણ તુંજ જીતી ને હું હાર્યો! તું કુલટા-એ નથી, અને હું તારો સ્વામીએ નથી! હવે ચાલી નજઈશ."

હિરણ—"મહારાજ, ત્યારે આ બધું શું છે? મને સ્પષ્ટ કહી નાખો. હું અતિ સામાન્ય સ્ત્રી છું, મારી સાથે આપના જેવા ગંભીર-પ્રકૃતિને આવો ટોળ છાજે નહિ!"

રાજાએ હસતાં હસતાં કહ્યું, "હિરણ, મારા જેવાનેજ એ છાજે! વારૂ, પણ છ વર્ષ ઉપર તને એક પત્રખંડ અલંકારના

દાબડામાંથી મળી આવ્યો હતો તે ક્યાં છે?"

હિરણ—"મહારાજ, વળી આપ તો સર્વજ્ઞ લાગો છો! તે મારે ઘેર છે."

રાજા—"તું શિબિકામાં બેસી ઘેર જા, અને તે લઈ આવ. એ પછી હું તને સર્વ વૃત્તાંત યથાસ્થિત કહીશ."

પરિચ્છેદ દશમો.

રાજાની આજ્ઞાથી હિરણ્યમયી શિબિકામાં બેસી પોતાને ઘેર ગઈ, અને ત્યાંથી પેલો પત્રખંડ લઈ પુનઃ રાજાની સન્મુખ આવી. રાજાએ એ પત્રખંડ જોઈ બીજા બે પત્રખંડ દાબડામાંથી કાઢ્યા, અને હિરણ્યમયીના હાથમાં આપી કહ્યું, "ત્રણેને મેળવી જો." હિરણ્યમયીએ ત્રણે પત્રખંડ મેળવી જોયા. મળતા આવતાંજ રાજાએ કહ્યું, "હવે વાંચી જો." હિરણ્યમયી નીચે પ્રમાણે વાંચી શકીઃ—

જ્યોતિષીએ ગણના કરી જોયું છે, કે મેં વિચાર કર્યો છે તે પ્રમાણે કરવું યોગ્ય નથી. હિરણ્યમયી જેવી સુવર્ણની પુતળીને ચિરવૈધવ્યમાં નાખવાનું કદાપિ પણ બની શકશે નહિ. તેનો લગ્ન-સંબંધ થયે ભયાનક વિપદ્ આવી પડે તેમ છે. તેને ચિરવૈધવ્ય પ્રાપ્ત થવાનું છે, એ અમે ગણનાદ્વારા જાણ્યું છે. જો પાંચ સંવત્સર સુધી પરસ્પરનું દંપતિ મુખદર્શન કરે નહિ, તોજ એ ગ્રહના પાશમાંથી એમની નિષ્પત્તિ થઈ શકશે. એનું વિધાન હું કરી શકીશ.

વાંચી રહ્યા પછી રાજાએ કહ્યું, "એજ પત્ર આનંદસ્વામીએ તારા પિતાને લખેલો હતો."

હિરણ—"હું એ સમજી શકી છું. અમારા લગ્નકાળે શા હેતુથી અમારાં નયન બંધ કરવામાં આવ્યાં હતાં, લગ્ન એકાંતિક સ્થળે શા માટે કરવામાં આવ્યાં હતાં, પાંચ સંવત્સર સુધી મુદ્રિકા ધારણ કરવાનો શા માટે નિષેધ કરવામાં આવ્યો હતો; એ સર્વ હું સમજી શકી છું. પરંતુ એથી વિશેષ તો કંઈજ સમજી શકી નથી!"

રાજા—"બીજું તો તું જાણેજ છે કે, એ પત્ર મળતાંજ તારા પિતાએ પુરંદર સાથેનો તારો વિવાહ તોડયો હતો, અને તેજ દુઃખે પુરંદર સિંહલ ગયો હતો."

"આ બાજુએ આનંદસ્વામીએ પત્રવ્યવહાર ચલાવી તારે માટે એક યોગ્ય વર નક્કી કર્યો. જ્યોતિષીએ ગણના કરી જોઈ તો જણાયું, કે એ વર ૮૦ વર્ષના દીર્ઘ આયુષ્યવાળો હતો; પરંતુ ૨૮મું વર્ષ વીત્યા પહેલાં તેના મૃત્યુયોગની સંભાવના હતી! ગણિત કરી જોતાં જણાયું, કે એ વય વીત્યા પૂર્વે એટલે લગ્ન થયા પછી પાંચ વર્ષમાં સ્વપત્નીની શય્યામાં શયન કરે તો તે અવશ્ય મૃત્યુ પામે! જો કોઈ પણ પ્રકારે પાંચ વર્ષ જીવી જાય તો પછી તે દીર્ઘજીવી થાય!"

"આથી વરને ૨૩મું વર્ષ પૂર્ણ થયા પછી લગ્ન કરવાં એવો નિશ્ચય કરવામાં આવ્યો. પરંતુ એટલા કાળપર્યંત તને અવિવાહિત રાખ્યાથી તું કદાચ કોઈ પણ પ્રકારે ચંચળચિત્ત થઈ જાય, કે છુપી રીતે કોઈની સાથે ગાંધર્વ લગ્ન કરી બેસે; એવા ભયથી તને દાબ દેવા માટે એ પત્રખંડ તારા અલંકારના દાબડામાં ઇરાદાપૂર્વક મૂકવામાં આવ્યો હતો!"

"તે પછી લગ્ન વીત્યા બાદ પાંચ વર્ષ સુધી તમારો મેળાપ ન થાય, તે માટે જે યુક્તિ કરવામાં આવી હતી તે તો તું જાણે છે. એથીજ તમે દંપતિ પરસ્પરનો પરિચય સરખો એ પામતાં નથી."

"વળી હાલ કેટલાક માસ થયાં એક બીજો પણ બનાવ બનવા પામ્યો છે. કેટલાક માસ પૂર્વે આનંદસ્વામી આ નગરમાં આવી તારા દારિદ્રની કથા સાંભળી અતિદુઃખિત થયા હતા. તેઓ તને જોવા આવ્યા હતા, પણ તને મળ્યા નહિ! તેઓ પાછા વળી મને મળ્યા અને તારા લગ્નનો વૃત્તાંત આદ્યંત મને કહી સંભળાવ્યો. વિશેષમાં કહ્યું, કે હિરણ આવી વિષમ સ્થિતિમાં આવી પડી છે, એ વાત જો મારા જાણવામાં પ્રથમથી આવી હોત, તો હું એના દુઃખનું અવશ્ય દમન કરત. અત્યારે આપ એને સાહાય્ય કરો; એથી હું આપનો ઋણી થઈશ. આપનું ઋણ હું અદા કરીશ. વળી મારા બીજા પણ એક ગુપ્ત મંત્રની આપ યોગ્ય કાળ પર્યંત રક્ષા કરજો. હિરણ્યમયીનો સ્વામી આ નગરમાંજ વાસ કરી રહેલો છે! એ બંનેનો પરસ્પરની સાથે મેળાપ થાય નહિ, એ આપે જોવાનું છે. એમ કહી તારા સ્વામીનું મને ઓળખાણ આપ્યું. ત્યારથી માંડીને અમલા ખર્ચખૂટણદ્વારા તારા દારિદ્રમાં તને જે મદદ કરે છે, તે દ્રવ્ય તેને મારી પાસેથી મળે છે. તારાં પિતાનું ઘર ખરીદ કરી મેં તને વાસ કરવા આપ્યું છે. હાર મેં મોકલાવ્યો હતો; અને તે પણ તારી પરીક્ષા માટેજ!"

હિરણ—"ત્યારે આપને આ મુદ્રિકા ક્યાંથી મળી? અને મારા સ્વામી તરીકે આપનો પરિચય આપી આપે મને દુઃખી

શું કામ કીધી ? વળી પુરંદરના ઘરમાં વાસ કરે છે, એમ કહી આપ વળી વળીને વધુ પુરાવો કરવા કેમ યત્ન કરતા હતા ?"

રાજા—"જે દિવસે મને આનંદસ્વામીની અનુજ્ઞા મળી તેજ દિવસથી મેં તારા રક્ષણને માટે પ્રહરી નીમ્યા, અને તેજ દિવસે અમલાદ્વારા તને હીરક હાર મોકલાવ્યો ! તે પછી આજે પાંચ વર્ષ પૂર્ણ થયાં જાણી તારા સ્વામીને તેડાવી મંગાવી તેને કહ્યું, "તારા લગ્નનો સર્વ વૃત્તાંત હું જાણું છું. તું તારી તે લગ્ન-મુદ્રિકા લઈ રાત્રિએ અગિયાર વાગે આવજે. તારી પત્ની સાથે તારૂં મિલન થશે." તેણે કહ્યું, "મહારાજની આજ્ઞા શિરોધાર્ય છે, પરંતુ પત્ની-મિલનની હવે મને સ્પૃહા નથી. તે ન થાય તેજ ઠીક." મેં કહ્યું, "મારી આજ્ઞા છે."

આથી તારો સ્વામી સંમત તો થયો ખરો, પણ તેણે કહ્યું, "મારી તે સ્ત્રી સચ્ચરિતા છે કે દુશ્ચરિતા તે વિષે આપ કંઈ જાણો છો ? યદિ આપ કોઈ દુશ્ચરિતાને ગ્રહણ કરવાની આજ્ઞા કરશો તો આપ પાપગર્તમાં પડશો." મેં પ્રત્યુત્તર વાળ્યો, કે તારી મુદ્રિકા લઈ આવ. હું તારી સ્ત્રીની પરીક્ષા કરી પછી તને ગ્રહણ કરવાનું કહીશ. તેણે કહ્યું, "અન્યનો વિશ્વાસ કરી એ મુદ્રિકા કદાચિ આપું નહિ, પણ આપનો કંઈ અવિશ્વાસ છે ? મેં મુદ્રિકા લઈ તારા શીલની પરીક્ષા કરી, અને તેમાં તું જયી થઈ છે !"

હિરણ—"પરીક્ષા કરી તે તો હું કંઈ જાણીએ શંકી નહિ !"

એ સમયે રાજમંદિરમાં મંગલ વાજાં વાગવા માંડયાં. રાજાએ હિરણને કહ્યું, "રાત્રિના અગિઆર વાગી ગયા છેઃ—પરીક્ષાની વાત પછી કહીશ. અત્યારે તારો સ્વામી આવી પહોંચ્યો છે. શુભ-લગ્ને તું તેમી સાથે શુભદૃષ્ટિ કર."

તત્કાળ તેજ ઓરડાનું પાછલું દ્વાર ઉઘડ્યું, અને એક પ્રૌઢ પુરુષે તે ઓરડામાં પ્રવેશ કર્યો.

રાજાએ કહ્યું, "હિરણ, આજ તારો સ્વામી."

ધડકતે હૃદયે હિરણે તે તરફ જોયું. તેનું માથું ફરવા લાગ્યું. પોતે ઊંઘે છે કે જાગે છે, તેનુંએ તેને ભાન રહ્યું નહિ!

તે કોણ હશે?—પુરંદર!

ઉભય પરસ્પરને જોઈ સ્તંભિત થઈ ગયાં; ઉન્મત્તપ્રાય થઈ ગયાં! આ સત્યજ છે, એ વાતમાં કોઈને વિશ્વાસજ આવે નહિ!

રાજાએ પુરંદરને કહ્યું, "મિત્ર, હિરણ તમારે યોગ્ય પત્ની છે. સન્માનપૂર્વક તેને મંદિરે લઈ જાઓ. અદ્યાપિ એ તમારા પ્રતિ પૂર્વવત્ સ્નેહમયી છે. મેં એની રક્ષાને માટે અહોરાત્ર પ્રહરી રાખ્યા હતા; તેથી કહી શકું છું, કે તમારા વિના અન્યની સ્વપ્ને પણ એણે કામના કરી નથી. તમારી ઇચ્છાનુરૂપ મેં એની કસોટી પણ કરી છે! 'હું તારો સ્વામી છું' એમ કહી મેં એને મારો પરિચય આપ્યો, કિંતુ રાજ્ય લોભથી પણ એ તમને હૃદયમંદિરમાંથી ખસેડી શકી નહિ!"

હું એનો સ્વામી છું એમ જણાવી, મારો પરિચય આપી, પછી મેં ઘાટ ગોઠવ્યો, કે એને તમારામાં પ્રણયાસક્ત જણાવી એના ચારિત્ર્ય વિષે શંકા લેવી. જો એ એથી દુઃખી થઈ હોત, 'હું નિર્દોષ છું, મને ગ્રહણ કરો' એમ કહી ડરી ગઈ હોત, તો હું જાણત કે એ તમને ભૂલી ગઈ છે પરંતુ એણે તેમ ન કરતાં મને કહ્યું, "મહારાજ, હું કુલટા છું, મારો ત્યાગ કરો.!"

"હિરણુ, તે સમયનો તારો મનોભાવ હું બધોય કળી ગયો છું. મનના માન્યા 'સ્વામી વિના અન્યનો સંસર્ગ ન કરવાના અચળ નિશ્ચયથીજ 'કુલટા' જણાવી તેં તારી જાતને નિંદી નાખી છે. બેન, તું કુલટા નહિ, પણ સાક્ષાત્ પાતિવ્રત્યની દેવી છે! મારો આશીર્વાદ છે કે તું સુખી થજે!"

હિરણુ—"મહારાજ, સાથે સાથે મને આ પણ જણાવી દેશો. એ તો સિંહલ ગયા હતા; તો પછી કાશીમાં મારી સાથે એમનું લગ્ન થયું શી રીતે? જો ત્યાંથી એ લગ્ન-પ્રસંગે કાશી આવ્યા હતા તો એમના આગમન સંબંધે હું કંઈએ જાણી કેમ ન શકી?"

રાજા—"આનંદસ્વામીએ એ વાતનો પુરંદરના પિતા સાથે બેત રચી દૂત મોકલી એમને બારોબાર કાશી તેડાવી મંગાવ્યા હતા. લગ્ન થયા પછી એ પાછા ત્યાંથીજ સિંહલ ચાલ્યા ગયા હતા. તામ્રલિપ્તે તો આવ્યાજ નહોતા! આથી તમે કોઈએ સંબંધે કશું જાણી શકેલાં નહિ."

પુરંદરે કહ્યું, "મહારાજ, આપે જે રીતે અમારા ચિરકાળના મનોરથ પરિપૂર્ણ કર્યા છે, તેજ રીતે જગદીશ્વર આપના મનોરથ પૂરો. મનગમતી પત્ની પામી હવે હું જેવો સુખી થયો છું, તેવો સુખી આપના રાજ્યમાં અન્ય કોઈ વાસ કરતો નહિ હોય!"

સમાપ્ત.

છપાય છેઃ—

'રાધારાણી'

(એજ લેખકની ટૂંકી વાર્તા.)